# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 22-06-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ વિશ્વભરમાં ગઇકાલે દસમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાયો, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યોગને સ્વ-સુધારણા માટેનું શ્રેષ્ઠ સાધન ગણાવ્યું.
- ✓ બાંગ્લાદેશનાં પ્રધાનમંત્રી શેખ હસીના બે દિવસીય ભારતના પ્રવાસે – ગઇકાલે વિદેશમંત્રી ડો. એસ જયશંકરે મુલાકાત કરી.
- ✓ કેન્દ્રએ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓને રોકવા માટે કડક કાયદો ઘડ્યો - ગુનેગારોને વધુમાં વધુ 10 વર્ષની જેલ અને એક કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ.
- ✓ સંયુક્ત CSIR-UGC-NET જૂન 2024ની પરીક્ષા અનિવાર્ય સંજોગો અને માળખાકીય વ્યવસ્થાઓને કારણે મુલતવી રાખવામાં આવી.
- ✓ T20 પુરુષ વિશ્વ કપ ક્રિકેટની સુપર 8 મેચમાં આજે રાત્રે ભારત અને બાંગ્લાદેશની મેચ – આકાશવાણી દ્વારા મેચનું જીવંત પ્રસારણ કરાશે.

## *YOGA-DAY - INDIA*

**આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે ગઇકાલે દેશભરમાં મહત્વના સ્થળોએ યોગાસનના કાર્યક્રમો યોજાયા હતા.**

**કાશ્મીરના શ્રીનગર ખાતે યોજાયેલા રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જોડાયા હતા અને તેમણે ઉપસ્થિતોને સંબોધન કર્યું હતું. પ્રધાનમંત્રીએ શારિરીક, માનસિક અને આધ્યાત્મિક વૃધ્ધિમાં યોગનાં મહત્વ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે,**

વિશ્વનાં અનેક દેશોમાં યોગ એ લોકોનાં દૈનિક જીવનનો ભાગ બની ગયો છે. તેમણે જણાવ્યું કે, વિશ્વનાં તમામ મોટા નેતાઓ યોગની ચર્ચા કરી રહ્યા છે.

શ્રીનગરનાં દાલ સરોવરનાં કિનારે યોજાયેલા કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રનાં સાત હજારથી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહા ઉપરાંત, કેન્દ્રીય આયૂષ મંત્રી પ્રતાપરાવ જાધવ સહિતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ દેશવાસીઓને યોગ દિવસની શુભકામના આપતાં જણાવ્યું કે, યોગ એ માનવતાને ભારતે આપેલી અનોખી ભેટ છે.

દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીઓએ વિવિધ યોગ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. કેન્દ્રીય આરોગ્ય મંત્રી જેપી નડ્ડા, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ તથા અન્યોએ  દિલ્હીનાં અલગ અલગ સ્થળોએ યોગ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.

ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી ભારત પાકિસ્તાન સરહદ પર નડાબેટ ખાતે થઇ હતી.. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને સ્વસ્થ જીવન માટે યોગને દૈનિક જીવનમાં અપનાવવા અનુરોધ કર્યો હતો. સીમાસુરક્ષાદળના સાથ સહકારથી યોજાયેલા આ કાર્યક્રમમાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિત મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો અને યોગાભ્યાસ કર્યો હતો.. ગાંધીનગરમાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે નાગરિકોને યોગને જીવનનું અભિન્ન અંગ બનાવવા અનુરોધ કર્યો છે. ઉપરાંત, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં યોગાભ્યાસ કર્યો હતો.. તેમણે યોગને ભારત દ્વારા સમગ્ર વિશ્વ અને માનવતાને અપાયેલી અમૂલ્ય ભેટ ગણાવી હતી,..

રાજસ્થાનમાં મુખ્યમંત્રી ભજનલાલ શર્મા અને રાજ્ય મંત્રીમંડળના અન્ય મંત્રીઓએ જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં યોગ કર્યા. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને રાજ્યપાલ આનંદીબેન પટેલે લખનૌમાં યોગ કર્યા. વિદેશમાં પણ અનેક ભારતીય દૂતાવાસો ખાતે યોગના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

.................

## *BANGLADESH PM VISIT*

બાંગ્લાદેશનાં પ્રધાનમંત્રી શેખ હસીના ગઈકાલે ભારતની બે દિવસીય મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યાં છે.

દેશમાં નવી સરકારની રચના બાદ આ પ્રથમ દ્વિપક્ષીય સત્તાવાર મુલાકાત છે. આ મહિનાની શરૂઆતમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય મંત્રી પરિષદના શપથગ્રહણ સમારોહમાં આંતરરાષ્ટ્રીય નેતાઓમાં સુશ્રી શેખ હસીના ઉપસ્થિત રહ્યા હતા. તેમની મુલાકાતના પ્રથમ દિવસે, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે સાંજે શેખ હસીના સાથે મુલાકાત કરી હતી.

બેઠક બાદ ડૉ. જયશંકરે કહ્યું કે, શેખ હસીનાની ભારત મુલાકાત બંને રાષ્ટ્રો વચ્ચેના ગાઢ અને નિષ્ઠાવાન સંબંધોને રેખાંકિત કરે છે. તેમણે વિશેષ ભાગીદારીના વધુ વિકાસ માટે તેમના માર્ગદર્શનની પ્રશંસા કરી.

.................

## *CENTRE-PUBLIC-EXAMINATIONS-LAW*

કેન્દ્રએ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓને રોકવા માટે કડક કાયદો ઘડ્યો છે.

જેમાં ગુનેગારોને વધુમાં વધુ 10 વર્ષની જેલ અને એક કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત એક સૂચનામાં કર્મચારી મંત્રાલયે કહ્યું કે કાયદાની જોગવાઈઓ ગઇકાલથી અમલમાં આવી છે.

જાહેર પરીક્ષા ગેરરીતિઓની રોકથામ વિધેયક 2024 લોકસભા દ્વારા 6 ફેબ્રુઆરીએ અને રાજ્યસભા દ્વારા 9 ફેબ્રુઆરીએ પસાર કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ વિધેયકને મંજૂરી આપતા 12 ફેબ્રુઆરીએ તે કાયદો બન્યો હતો.

સંઘ લોક સેવા આયોગ, સ્ટાફ સિલેક્શન કમિશન, નેશનલ ટેસ્ટિંગ એજન્સી-એનટીએ, રેલવે ભરતી બોર્ડ, બેન્કિંગ ભરતી પરીક્ષા સંસ્થાઓ અને

અન્ય જાહેર પરીક્ષાઓમાં ગેરરીતિઓ રોકવા માટે આ કાયદો ઘડવામાં આવ્યો છે. જેમાં ઓછામાં ઓછી ત્રણથી પાંચ વર્ષની જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે. તેમજ છેતરપિંડીના સંગઠિત ગુનાઓમાં સંડોવાયેલા લોકોને 5 થી 10 વર્ષની જેલ અને એક કરોડ રૂપિયાનો લઘુત્તમ દંડ ભરવો પડશે.

.................

## *AKASHVANI NEWS- (MUST)*

આકાશવાણી સમાચાર સેવાને ભારતમાં સૌથી વિશ્વસનીય સમાચાર સેવા ગણવામાં આવે છે.

ઓક્સફોર્ડ યુનિવર્સીટીની પત્રકારત્વના અભ્યાસ માટેની રોઇટર સંસ્થાના તાજેતરના સર્વેક્ષણમાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. ડીજીટલ ન્યૂઝ રીપોર્ટ 2024ના આ સર્વેક્ષણમાં દેશભરમાં આવેલા મહત્વના સમાચાર સેવા ગૃહોની સરખામણીએ આકાશવાણી સમાચાર સેવાએ વિશ્વસનીય સમાચાર સેવાની શ્રેણીમાં નોંધપાત્ર ગુણ વધારે મેળવ્યા છે.

પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત કુમાર સેહગલે સર્વેક્ષણના તારણોને આવકારતા જણાવ્યું છે કે, બધી જ પરિસ્થિતીઓમાં આકાશવાણી સમાચાર સેવાએ સત્ય અને વિશ્વસનીય સમાચારો પ્રસારિત કરવાની આકાશવાણી સમાચાર સેવાની મજબૂત પ્રતિબધ્ધતાનું આ પ્રમાણ છે.

.................

## *MID BREAK*

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

.................

## *CSIR-UGC-NET*

સંયુક્ત CSIR-UGC-NET જૂન 2024ની પરીક્ષા અનિવાર્ય સંજોગો અને માળખાકીય વ્યવસ્થાઓને કારણે મુલતવી રાખવામાં આવી છે.

આ પરીક્ષા 25 થી 27 જૂન-2024 દરમિયાન યોજાવાની હતી. રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા NTA એ જણાવ્યું હતું કે આ પરીક્ષા માટેનું નવું સુધારેલું સમયપત્રક સત્તાવાર વેબસાઇટ દ્વારા હવે પછીથી જાહેર કરવામાં આવશે. NTA એ કહ્યું છે કે કોઈપણ પ્રશ્ન અથવા સ્પષ્ટતા માટે ઉમેદવારો સંસ્થાના હેલ્પ ડેસ્ક નંબર – 011- 40759000 અને 011-69227700 પર કરી શકે છે. આ ઉપરાંત csirnet@nta.ac.in પર ઈમેલ કરીને NTA તરફથી લેખિત માહિતી પણ મેળવી શકાશે.

.................

## *CDS-DEFENCE*

ભારતીય સંરક્ષણ દળોના વડા CDS જનરલ અનિલ ચૌહાણે કહ્યું છે કે સંરક્ષણ ક્ષેત્રમાં આગળ વધવા માટે સ્વદેશીકરણ અને આત્મનિર્ભરતા જરૂરી છે.

ગઇકાલે નવી દિલ્હીમાં સશસ્ત્ર દળો BEML કોઓર્ડિનેશન બેઠકને સંબોધતા જનરલ ચૌહાણે જણાવ્યું હતું કે આત્મનિર્ભરતાની વિભાવનાનો હેતુ સંરક્ષણ ઉત્પાદનમાં સ્વાયત્ત બનવા અને સંરક્ષણ સાધનોની નિકાસમાં વિશ્વમાં અગ્રણી સ્થાન હાંસલ કરવાનો છે.

.................

## *T20-WORLD-CUP*

T20 પુરુષ વિશ્વ કપ ક્રિકેટની સુપર 8 મેચમાં આજે ભારતનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે. આ મેચ એન્ટીગુઆના નોર્થ સાઉન્ડના સર વિવિયન રિચર્ડ્સ સ્ટેડિયમમાં રાત્રે 8 વાગ્યે રમાશે. આકાશવાણી પરથી આ મેચનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લી મેચમાં ભારતે અફઘાનિસ્તાનને 47 રને હરાવ્યું હતું. આ સ્પર્ધામાં બાંગ્લાદેશ તેની છેલ્લી મેચમાં ઓસ્ટ્રેલિયા સામે 28 રનથી હારી ગયું હતું. અન્ય એક મેચ વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકા વચ્ચે અત્યારે બ્રિજટાઉનમાં રમાઈ રહી છે.

દરમ્યાન દક્ષિણ આફ્રિકાએ ગઈકાલે સુપર 8ની રોમાંચક મેચમાં ઈંગ્લેન્ડને 7 રનથી હરાવ્યું હતું. જીતવા માટેના 164 રનના લક્ષ્યાંકનો પીછો કરતા વર્તમાન ચેમ્પિયન ઈંગ્લેન્ડ 20 ઓવરમાં 6 વિકેટે 156 રનમાં ઓલ આઉટ થઈ ગયું હતું.

પ્રથમ બેટિંગ કરતા દક્ષિણ આફ્રિકાએ 20 ઓવરમાં 6 વિકેટે 163 રન બનાવ્યા હતા. દક્ષિણ આફ્રિકાના ક્વિન્ટન ડી કોકે 65 રન બનાવ્યા હતા અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

.................

## *NIA-HUMAN-TRAFFICKING*

રાષ્ટ્રીય તપાસ સંસ્થા NIA એ ગઇકાલે માનવ તસ્કરી અને સાયબર છેતરપિંડીના એક કેસમાં બે વિદેશી નાગરિકો સહિત પાંચ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી છે.

મુંબઈની NIAની વિશેષ અદાલતમાં દાખલ કરાયેલી ચાર્જશીટમાં કેટલાય વિદેશી નાગરિકોની સંડોવણી બહાર આવી છે. NIAની તપાસ મુજબ, આરોપીઓએ કોમ્પ્યુટર અને અંગ્રેજી ભાષામાં કુશળ ભારતીય યુવાનોને લક્ષ્ય બનાવ્યા અને આર્થિક લાભ માટે ટુરિસ્ટ વિઝા પર નકલી કોલ સેન્ટરમાં કામ કરવા દબાણ કર્યું.

આ પીડિતોને ભારતમાંથી ભરતી કરીને થાઈલેન્ડ થઈને લાઓ પીડીઆરના ગોલ્ડન ટ્રાયેન્ગલ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં મોકલવામાં આવ્યા હતા. જ્યાં તેમને ફેસબૂક, ટેલિગ્રામ, ક્રિપ્ટોકરન્સી અને કૌભાંડી કંપનીઓ દ્વારા બનાવવામાં આવેલી એપ્સને હેન્ડલ કરવાની તાલીમ આપવામાં આવી હતી. સંસ્થાના જણાવ્યા અનુસાર ચાર્જશીટમાં સામેલ બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને અન્ય ત્રણ હજુ પણ ફરાર છે.

.................

## *GAZA-ISRAEL*

ઇઝરાયલી દળોએ રફાહની ઉત્તરે વિસ્થાપિત પેલેસ્ટિનિયનો માટેના કેમ્પ પર કરેલા ગોળીબારમાં ઓછામાં ઓછા 25 લોકો માર્યા ગયા અને 50 ઘાયલ થયા.

ઇઝરાયેલે અગાઉ ભૂમધ્ય સમુદ્ર કિનારે આવેલા ગ્રામીણ વિસ્તાર મુવાસીમાં રહેણાંક વિસ્તારોની આસપાસના સ્થળો પર બોમ્બમારો કર્યો હતો. છેલ્લા કેટલાક મહિનામાં આ વિસ્તારમાં મોટી સંખ્યામાં વિસ્થાપિતો આશરો લઈ રહ્યા છે.

.................